# ચાર દાયકાની નવલકથાના જન્માક્ષર | કીર્તિદા શાહ

[**નવલકથા અને હું** : સંપા. હર્ષદ ત્રિવેદી, પ્રકા. ગુજરાત સાહિત્ય અકાદમી, પૃ. ૧૦+૩૫૮, કિં. રૂ. ૧૬૦]

'નવલકથા અને હું' 'શબ્દસૃષ્ટિ'ના નવલકથાવિશેષાંકનું પુસ્તકરૂપ છે. સંપાદક હર્ષદ ત્રિવેદીએ અંક તૈયાર કરતી વખતે ઘણું લેસન કર્યું હતું. સંપાદકીયમાં તેઓ નોંધે છે તેમ ૬૬ જેટલા નવલકથાકારોને આમંત્રણ પાઠવ્યાં હતાં. એમાંથી ૫૩ જેટલા લેખોનું સંકલન થઈ શક્યું. નવલકથાકારને આપણે તેની રચના દ્વારા ઓળખીએ છીએ પરંતુ રચના પહેલાં અને રચના સમયે તેના મનોવિશ્વની ગતિવિધિ કેવી હોય છે એ જાણવાનું કુતૂહલ સૌ વાચકોને ચોક્કસ હોય છે. 'આંધળી ગલી' અભ્યાસક્રમમાં હતી ત્યારે ઘણા વિદ્યાર્થીમિત્રોએ પૃચ્છા કરેલી, ધીરુબહેનને કુંદન ક્યાંથી મળી ? આવા કુતૂહલને સંતોષવાનું કામ 'નવલકથા અને હું' કરે છે.

ગુજરાતી નવલકથાસર્જનમાં ૧૯૨૬થી ૧૯૬૬ સુધીમાં પ્રવૃત્ત એટલે કે ચાર દાયકાના નવલકથાકારોની સર્જનલીલાનો 'નવલકથા અને હું' ઇતિહાસ-હિસાબ છે. સંપાદકે લઘુનવલ લેખકથી માંડી મહાનવલલેખક – બધાની કેફિયતો ગ્રંથમાં સમાવી છે. અહીં એક નવલકથા લખનાર (મુકુંદ પરીખ)થી માંડી એકાવન નવલકથા લખનાર (વિઠ્ઠલ પંડ્યા) લેખકોને સ્થાન મળ્યું છે.

અહીં ગ્રંથસ્થ ૫૩ કેફિયતો તે-તે નવલકથાકારની રચનાઓનાં કથાવસ્તુ અને પાત્રો તથા પરિવેશ સંદર્ભના જન્માક્ષર ભાવક સમક્ષ રજૂ કરે છે. પ્રત્યેક સર્જકનો સર્જનઅનુભવ નોખો-અનોખો છે. સર્જકોની કેફિયતોનાં શીર્ષકો જુઓ જે તેમની સર્જનપ્રક્રિયાનું શબ્દચિત્ર પ્રગટ કરે છે : 'મનની સર્જનલીલા સમષ્ટિ સુધી', 'સત્યના પિંડનો કલ્પનાઘાટ', 'નવલકથા અને હું, અને 'હું'થી આઘા ખસવાની મથામણ', 'વહેતા જીવનની મથામણ નવલકથાના ચોકઠામાં', 'જાતને પરખવા-પામવાનો ઉદ્યમ', 'દીર્ઘ પ્રસન્ન દાંપત્ય જેવો અનુભવ', 'અનુભવના ટકોરા', 'અંદર ઝળહળતી આરતી.'

કેફિયતોમાંથી પસાર થતાં જણાય છે કે નવલકથાસર્જન દરેક લેખકની જુદી જુદી જરૂરિયાતનું પરિણામ છે. ધીરુબહેન નોંધે છે, 'જ્યારે જ્યારે મને કોઈ પ્રશ્ન બહુ પજવે છે ત્યારે હું નવલકથા લખીને એને આઘો હડસેલી દઉં છું અને પછી આરામથી જીવું છું.' (પૃ. ૪) મોહમ્મદ માંકડને મુનશી કરતાં પણ વધુ સારા નવલકથાકાર બનવાની ઇચ્છા છે માટે નવલકથા લખવાની શરૂઆત કરે છે. (પૃ. ૨૪) વળી, માંકડ નોંધે છે કે 'લેખન પર જીવવા માટે મારે એ કર્યા વિના છૂટકો જ ન હતો.' (પૃ. ૨૭)

ભાનુપ્રસાદ ત્રિવેદી નોંધે છે કે 'મને કશુંક સ્ફુરે છે એ શું છે તે જોવા માટે હું નવલકથા લખું છું.' (પૃ. ૩૫) શ્રીકાન્ત શાહ લખે છે, 'કશુંક અજ્ઞાત અને અગોચર કહેવાની અનિવાર્યતા સાથે જ મેં હંમેશાં લખ્યું છે.' (પૃ. ૯૮)

હસુ યાજ્ઞિક નોંધે છે, 'મારે મન જીવન હિમશિલા છે, બહાર છે તે સાતમો ભાગ છે. શેષ અંદર છે અને સંઘર્ષ છે તે સાતમો ભાગ છે. શેષ અંદર છે એમાં નવલકથાના માધ્યમ દ્વારા મને પ્રવેશવું ગમ્યું છે.' (પૃ. ૧૨૪)

મોહન પરમાર નોંધે છે, 'મને નવલકથા લખવાનું ગમે છે કેમકે એથી ઘણી વાર હું મને – મારી જાતને ઓળખી શક્યો છું.' (પૃ. ૨૬૭)

પિનાકિન દવેને લાગ્યું છે કે 'હું લખતો નથી, મારાથી એમ લખાય છે.' (પૃ. ૭૪) મહેશ દવેને નવલરચના પોતાની આંતરસ્ફુરણાનું પરિણામ નહીં પરંતુ આયાસપૂર્વક કરેલો પરિશ્રમ જણાયો છે જે ઘણી છેક-ભૂસ પછી પરિણામ સુધી લઈ ગયો છે.

આમ, નવલકથાસર્જન કોઈ માટે આંતરસ્ફુરણ, કોઈ માટે આંતરિક જરૂરિયાત, કોઈ માટે આર્થિક જરૂરિયાત અને કોઈને સહજ આવી મળી તો કોઈએ આયાસપૂર્વક રચી છે. નવલરચનાની અનુભૂતિ પણ સર્જકે સર્જકે મેઘધનુષી છે. ધીરુબહેન કોરા કાગળને સ્પર્શ કરતી વખતે કોઈ નવા જ પ્રદેશની મુસાફરીએ નીકળવાનો રોમાંચ અનુભવે છે તો માંકડને નવલકથા લેખનના પ્રવાહમાં આવતાં એટલો ઉશ્કેરાટ થાય છે કે બપોરે એ જમી શકતા નથી. ઈવા ડેવને નવલકથા-અવતરણનો આનંદ ક્ષણોથી લઈને કલાકો, અરે દિવસો સુધી, નીપજતો રહેલો અને અકલ્પનીય અનુભવાયો છે. યોગેશ જોશી માટે ધ્યાન કરવું અને લખવું અલગ નથી... જાતને પામવાની પ્રક્રિયા છે. બકુલ દવેને નવલરચનાલેખનમાં અસ્તિત્વનો ઉત્સવ અનુભવાય છે. વિનેશ અંતાણીને નવલસર્જનપ્રવૃત્તિએ એક કરીને રાખ્યા છે. અંતાણી નોંધે છે, 'એ પ્રક્રિયા મને મારી સાથે જોડતી ગઈ છે અને મારામાંથી મુક્ત કરતી રહી છે' (પૃ. ૨૪૧) ધીરેન્દ્ર મહેતાનો નવલસર્જનઅનુભવ જરા વિશિષ્ટ છે. નવલકથા એમને જગત સાથે જોડી રાખે છે પરંતુ એનું લેખન એમને વિખૂટા પાડનારું અનુભવાયું છે. તેઓ નોંધે છે, 'નવલકથાલેખન ભીતરને ટુકડો ટુકડો કરીને કેટકેટલામાં વહેંચાઈ જવાની વાત છે !' મહેતાને પ્રશ્ન છે : આ લાગણીને શું નામ આપવું – આનંદ કે પરિતાપ ? (પૃ. ૨૨૬) આમ, અહીં નવલકથારચનાની શરૂઆત અને લખવાની સમગ્ર પ્રક્રિયામાં લેખકોની જે અનુભૂતિ રહી છે તેના થોડા નમૂના રજૂ કર્યા છે. અન્ય દિલચસ્પ કેફિયતો પામવા 'નવલકથા અને હું'ની રૂબરૂ થવું પડે.

કેફિયતોમાંથી નવલકથાસ્વરૂપ સંદર્ભે ઊઠતા ઘણા પ્રશ્નોના ઉત્તર પણ મળે છે. નવલસ્વરૂપ સંદર્ભે આપણે જાણીએ છીએ કે નવલકથાકાર સ્વાનુભવ વિના કશાનું આલેખન નવલકથામાં ન કરી શકે. સ્વાનુભવ જ કલામાં રૂપાંતર પામે છે. પ્રસ્તુત સંદર્ભમાં મોહમ્મદ માંકડનો વિચાર જોઈએ. માંકડની નવલકથાઓ એક કરિયાણાવાળો વાંચતો ને જ્યારે માંકડને એને મળવાનું થાય ત્યારે પૂછતો, 'આ બધું... અનુભવનું ને ? અનુભવનું ને ?' માંકડે એને જવાબ આપ્યો, 'અનુભવ એટલે ? હું ચોર વિશે લખું. એટલે મને ચોરી કરવાનો અનુભવ હોય ? જુગાર વિશે, ખિસ્સાકાતરું કે ઘરફોડનાર વિશે લખું તો...' કરિયાણાવાળો વચ્ચે ટપક્યો, 'ના, પણ અનુભવ...' માંકડે જવાબ આપ્યો, 'તમે નામું લખો એમાં જે સાચું હોય – જે હોય તે જ લખવું પડે. કલ્પના ન ચાલે. હું જે લખું તે એવું સાચું ન હોય, કલ્પિત હોય પણ એ 'પરમ સત્ય' હોય, બન્યું ન હોય છતાં બની શકે તેવું હોય.' (પૃ. ૨૮)

ઇલા મહેતા નોંધે છે, 'નવલકથારચનામાં સ્વતંત્રતા માત્ર 'કાચી સામગ્રી'ની છે, એક શિલ્પ ઘડવા માટે શિલ્પકાર કોઈ પણ ઉપાદાન લઈ શકે તેમ. પરંતુ આ બધા સાથે અતિ આવશ્યક છે તે સર્જકની દૃષ્ટિ, સંવેદનશીલતા અને એક ખાસ સમજણ.' (પૃ. ૧૨૭)

પ્રસ્તુત સંદર્ભમાં દિનકર જોશી, મહેશ દવે, હસુ યાજ્ઞિક, શિરીષ પંચાલ વગેરેના વિચારો

પણ ધ્યાનપાત્ર બને છે. આ હતો કેફિયતો અને તેની ઉપપેદાશનો થોડો પ્રસાદ જે વાચકને ‘નવલકથા અને હું’ની અભિમુખ થવા ચોક્કસ પ્રેરશે.

સંપાદન સંદર્ભે એક-બે વિગત જોઈએ.

દલિત-બિનદલિત, નારી, સમાજ, ઇતિહાસ, પ્રેમ એમ વિવિધ પ્રકારની ચેતનાને ઉજાગર કરતી નવલકથાના સર્જકો અહીં તેમના ફોટોગ્રાફ અને હસ્તાક્ષર સાથે રૂબરૂ થાય છે તે હર્ષદ ત્રિવેદીની સંપાદકીય સૂઝનું પરિણામ છે.

વિઠ્ઠલ પંડ્યા, ચિનુ મોદી, કાજલ ઓઝાના અપવાદ સિવાય દરેક સર્જકની બધી જ નવલરચનાઓની સૂચિ તેની રચનાસાલ સાથે અહીં અભ્યાસીને મળે છે. દિવાળી અંક જ્યારે ગ્રંથરૂપ ધરે ત્યારે એનું મૂલ્ય વધી જાય છે. તે સંદર્ભમાં બિંદુ ભટ્ટ, સુમન શાહ જેવા અંકમાં ન ઉપલબ્ધ થઈ શકે અલબત્ત તેનાં કારણો સંપાદકે નોંધ્યાં છે પરંતુ ગ્રંથમાં એમને સમાવી લેવાયાં હોત તો ચાર દાયકાના નવલસર્જકોનું સરવૈયું થોડું અધૂરું ન રહેત.

નવલકથાસર્જકોના મનોજગતમાં ડોકિયું કરવાની તક ‘નવલકથા અને હું’ સંપાદને પૂરી પાડી. સાથે આ સર્જકોના મનુષ્ય વ્યક્તિત્વનો પરિચય પણ આપણે પામીએ છીએ એ માટે સંપાદકને ધન્યવાદ.